# ગ્રેડ પેની લડત બીજે દિવસે પણ યથાવત




ગાંધીનગર, તા. ૨૭

ગુજરાતમાં પોલીસ ગ્રેડ-પે અંગે ગતરોજ થી શરુ થયેલી લડત બીજે દિવસે પણ યથાવત રહેવા પામી છે. શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે રાજયભરમાંથી પોલીસ પરિવારના સભ્યો આવી પહોંચ્યા છે. એક તરફ પોલીસ કર્મચારીઓ ફરજના ભાગરૂપે નાગરીકોની સેવામાં ખડેપગે હાજર છે. તો બીજીતરફ પોલીસ પરિવારો ગાંધીનગરમાં છેક સુધી લડી લેવાના મુડમાં જણાય છે. ત્યારે આજે પોલીસ આંદોલનના સમર્થનમાં સહી ઝુંબેશનું આયોજન કરાયું હતું. જયારે તા.૩૧ ના રોજ માસ સીએલ મુદ્દે ડીજીપીને પત્ર લખવામાં આવ્યો છે.

ગ્રેડ પે મુદ્દે અમદાવાદ બાપુનગરના પોલીસ જવાન હાર્દિક પંડયા એ સચિવાલય સંકુલમાં વિધાનસભા પાસે શરુ કરેલા આંદોલનને રાજયભરના પોલીસ જવાનોએ સમર્થન આપ્યું છે. ગ્રેડ પે મુદ્દે ચાલી રહેલા આંદોલનમાં રાજયના રોજ એક જિલ્લાના વિવિધ પોલીસ મથકના પોલીસ જવાનના પરિવાર સત્યાગ્રહ છાવણી ખાતે આવશે. પ્રથમવાર રાજયમાં પોલીસ તંત્ર દ્વારા આંદોલન કરવામાં આવી રહ્યું છે.

સત્યાગ્રહ છાવણી ખાતે મંગળવારના રોજ ધરણા યોજીને સુત્રોચ્ચાર કર્યા હતા. જયારે બીજાદિવસે પણ સવારથી જ પોલીસ પરિવારના સભ્યો મોટીસંખ્યામાં એકઠા થઈ ને આર યા પારની લડાઈ શરુ કરી છે.ગત મોડી રાત્રે રાજયના ગૃહ પ્રધાન સાથે પણ મેરેથોન બેઠક યોજાઈ હતી. પરંતુ બેઠક બાદ પણ કોઈ ફળદાયી નિરાકરણ આવ્યું ન હતું. જયારે તંત્ર દ્વારા કમિટીની રચના કરીને ઘટતા પગલા ભરવા માટે હૈયાધારણા અપાઈ છે. જે પોલીસ પરિવારના સભ્યોને મંજુર નથી. રાજયમાંથી પોલીસ જવાનોના પરિવારો મોટીસંખ્યામાં છાવણી ખાતે ઉમટી પડ્યા છે. પોલીસ પરિવારના સમર્થનમાં આપ પાર્ટીના કાર્યકરો પણ આવી ગયા છે.

## રાજયના ડીજીપીને માસ સીએલ પર જવા પત્ર

શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે પોલીસ મહા આંદોલન ચાલી રહ્યું છે. જેમાં રાજયભરમાંથી પોલીસ જવાનના પરિવારના સભ્યો આવી રહ્યા છે. આજે સહી ઝુંબેશનો કાર્યક્રમ યોજાયો હતો. જયારે પોલીસ જવાનોએ વિવિધ ૧૩ જેટલી પોતાની પડતર માંગણીઓ મુદ્દે રાજયના પોલીસ વડાને રજુઆત કરી હતી.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**પ્રભુ એક વાત કહું... રસી વગરનાં લોકોને પૃથ્વી લોકમાં એક જગ્યાથી બીજી જગ્યાએ જવા મનાઈ છે... ત્યારે અહી સ્વર્ગ લોકમાં એવા પ્રવેશી ન જાય એ ધ્યાન રાખજો.**

# સેકટર-૧૭ બાળસંભાળ ગૃહમાંથી બાળકો ગુમ કેમ થાય છે..?

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરના સેકટર-૧૭ ખાતે બાળ સંભાળ ગૃહ આવેલ છે. જેમાંથી છેલ્લા બે માસના ટુંકાગાળામાં આ સંસ્થામાંથી ૧૩ જેટલા બાળકો ગુમ થયા છે. પાટનગરમાં બાળ સંભાળ ગૃહ સલામત નથી રહ્યું કે શું તે પ્રશ્ન દરેક પાટનગરવાસીઓને સતાવે છે. હાલમાં પાટનગરમાં ચો તરફ એક જ ચર્ચા છે કે આખરે બાળ સંભાળ ગૃહમાંથી બાળકો કેવી રીતે ગાયબ થાય છે. એક પછી એક સમયાંતરે બાળકો ગુમ થવા અંગે ફરીયાદ નોંધાઈ હોવા છતા પોલીસ પણ કોઈ ફળદાયી પરિણામ સુધી પહોંચી શકી નથી. ત્યારે બાળસંભાળ ગૃહમાંથી બાળકો ગુમ થાય છે તે ચિંતાનો વિષય છે.

રાજયના પાટનગરમાં જ દિવા તળે અંધારા જેવી સ્થિતિ છે. પાટનગરમાં જ બાળ સંભાળ ગૃહના બાળકો સલામત નથી. શહેરમાં અનેક નાની મોટી શૈક્ષણિક સંસ્થાઓ તેમજ યુનિવર્સિટીઓ છે. જેમાં હજ્જારો બાળકો અભ્યાસ કરે છે. તેમ છતા આજદિન સુધી આટલા ટુંકા ગાળામાં આટલી સંખ્યામાં બાળકો ગુમ થયા હોય તેવા કિસ્સા જોવા મળ્યા નથી. ત્યારે પાટનગરમાં હાલ આ બાળકો ગુમ પ્રકરણ ચર્ચાનો વિષય બન્યો છે. જયાંથી રાજયભરમાં કાયદાના આદેશ છુટે છે તે પાટનગરમાં જ સરકારી બાળસંભાળ ગૃહના બાળકો ગુમ થતા અનેક પ્રશ્નો ઉઠવા પામે છે. ત્યારે સંસ્થામાંથી બાળકો કેમ ભાગી જાય છે તે દિશામાં યોગ્ય તપાસ થવી જોઈએ. પરંતુ શહેરમાંથી બાળકો ગુમ થયા છે તે ગંભીર બાબત છે. ત્યારે પોલીસ તંત્ર દ્વારા ઝડપી તપાસ થાય તેવી લોકમાંગ ઉઠવા પામી છે. ત્યારે સંસ્થામાં કામ કરતા કર્મચારીઓ પણ બાળકો ગુમ પ્રકરણ અંગે ભેદી મૌન ધારણ કરી બેઠા છે. બાળકો ગુમ થવાની ઘટનાથી શહેરીજનોમાં પણ અનેક તર્કવિતર્ક ઉભા થયા છે. તેમ છતા સત્તાવાર રીતે બાળકો વિશે અન્ય કોઈ માહિતી પ્રાપ્ત થતી નથી.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર મનપામાં નવા નિમાયેલા નાયબ મ્યુનિ. કમિશનર ત્રિવેદીએ આજે તેમનો કાર્યભાર સંભાળી લીધો છે.
- ગાંધીનગર(દ)ના ધારાસભ્ય શંભુજી ઠાકોર આજે જિલ્લા પંચાયતની મુલાકાતે હતા.
- ગાંધીનગર જિલ્લા કલેકટરના અધ્યક્ષપદે જિલ્લાકક્ષાની લેન્ડ ગ્રેબીંગ કમિટીની બેઠક મળી હતી.
- માણસા તાલુકાના પુંધરા ખાતે આયુર્વેદ શાખા દ્વારા યોજાયેલ નિદાન કેમ્પમાં ૪૧૭ દર્દીઓ નોંધાયા હતા.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમીત શાહ ૩૧મીએ ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે.
- સામાજિક કાર્યની વ્યસતતાને કારણે રાજ્યના આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલ આજે મંત્રીમંડળની બેઠકમાં હાજર રહી શક્યા ન હતા.
- ગાંધીનગર શહેરના ૧૮૯ જેટલા શિક્ષકોએ ૨૫ મીએ ખાદી દિવસની ઉજવણીમાં ભાગ લઈ ખાદી ખરીદી હતી.
- માર્કેટ યાર્ડ કપાસ અને એરંડાની આવક સારી થઈ રહી છે. મગફળી, ગવાર અને અડદ તેમજ જુવારની આવક હજુ ઓછી થઈ રહી છે.
- ચ-રોડ પર જિલ્લા પંચાયત નજીક એક કાર આજે સાંજે ડિવાઈડર પર ચડી ગઈ હતી. સદનસીબે કોઈને ઈજાઓ થઈ ન હતી.
- રાજયના મુખ્ય સચિવ પંકજકુમારે આજે જિલ્લા તંત્રો સાથે વેક્સિનેશન, સેવાસેતુ, સંકલ્પના ૧૦૦ દિવસ સહિતના કાર્યક્રમોની સમીક્ષા વિડીયો કોન્ફરન્સના માધ્યમથી કરી હતી.



સત્યાગ્રહ છાવણી ખાતે રાત્રીના સમયે પાણીની પાઈપ લીકેજ થવાથી પાણી વેડફાઈ રહ્યું છે. તેથી કાદવ-કીચડ અને ગંદકીના દશ્યો સર્જાયા છે.

# ઈફકો કંપની ખાતે ગેસ લિકેજની આપત્તિની મોકડ્રીલ યોજાઇ

### જિલ્લા ડિઝાસ્ટર મેનેજમેન્ટ, એનડીઆરએફ અને ઇફ્ફકો કંપનીની અણધારી કેમિકલ ઈમરજન્સીને પંહોચી વળવા સંયુક્ત કવાયત

ગાંધીનગર જિલ્લા ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને એનડીઆરએફની ટીમ નં.૦૬જે તથા કલોલની ખાતર ઉત્પાદન કંપની ઈફકોના સંયુક્ત ઉપક્રમે આજે કેમિકલ ઈમરજન્સી આધારિત મોકડ્રિલ યોજવામાં આવી હતી જેમાં એમોનિયા ગેસ લિકેજની આપત્તિમાં બચાવકાર્યનું આયોજન કરીને આપત્તિ નિવારણ વ્યવસ્થા ચકાસમાં આવી હતી.

મોકડ્રિલ અનુસાર કલોલની પ્રતિષ્ઠિત ઇફ્ફકો કંપનીના એમોનિયા ઉત્પાદન એકમ સવારે ૧૧.૧૦ કલાકે એમોનિયા ગેસ લીકેજ થયો હતો જેને પગલે ઈફકો કંપનીના હાજર સ્ટાફે ઝડપથી બચાવ અને સ્થળાંતર કરવાનું શરૂ કર્યું પરંતુ તેઓ લીકેજને નિયંત્રિત કરી શક્યા નહોતા એટલે કંપનીએ ઓફ સાઈટ ઈમરજન્સીની જાહેરાત કરી અને ડીઈઓસીને બોલાવી ઘટનાની વાસ્તવિક પરિસ્થિતિ વિશે જાણ કરી કટોકટી વ્યવસ્થાપન એજન્સીઓને લીકેજને નિયંત્રિત કરવા વિનંતી કરી હતી. ઘટનાની જાણ થ થતાં જીડીડીએમ અને એનડીઆરએફની ટીમો દ્વારા બચાવ, સ્થળાંતર અને નિયંત્રણ લીકેજ માટે પ્રીપોઝિશન કરવામાં આવી હતી. આ સાથે ઈઓસી કાર્યરત કરીને સિવિલ એડમિનિસ્ટ્રેશન એક્શનમાં આવ્યું હતું જેમાં ફાયર બ્રિગેડ અને હોસ્પિટલોને એલર્ટ કરવામાં આવી હતી. એનડીઆરએફની ટીમે કમાન્ડ પોસ્ટ મેડિકલ પોસ્ટ એન્ડ કોમ્યુનિકેશન સેન્ટરની સ્થાપના કરી, સુરક્ષિત રીતે શોધ કરી સંરક્ષણ સાથે લિકેજને નિયંત્રિત કરી પીડિતોને બહાર કાઢ્યા અને પ્રાથમિક સારવાર પછી સામાન્ય ઈજાગ્રસ્તોને એમ્બ્યુલન્સ દ્વારા ઈફકો હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા તેમજ ગંભીર પીડિતોને આગોતરી સારવાર માટે કલોલની સિવિલ હોસ્પિટલ ખાતે મોકલવામાં આવ્યા હતા.






## સરસ્વતી પ્રાથમિક વિદ્યામંદિર ખાતે દેશભકિત વિષય પર વાર્તાલાપ યોજાયો

ગાંધીનગર, તા.૨૭

વિદ્યાભારતી સંલગ્ન સરસ્વતી પ્રાથમિક વિદ્યા મંદિર ખાતે દેશભકિત વિષય પર વાર્તાલાપ યોજાયો હતો.

દિપકભાઈ રાઠોડ દ્વારા દેશભકિત વિષય પર વાર્તાલાપ યોજાયો હતો તેમજ વિદ્યાલયના બાળકોના જન્મદિનની અગ્નિહોત્ર યજ્ઞ તથા સરસ્વતી વંદના દ્વારા વિદ્યાર્થીના વાલી સાથે મનાવવામાં આવ્યો હતો. જેમાં વાલી તથા વિદ્યાર્થી દ્વારા ત્યાગ ભાવના પ્રેરીત પ્રતિજ્ઞા લઈ ઉજવણી કરવામાં આવી હતી.

## જુસિકા દ્વારા ચક્ષુદાન કરાયું

ગાંધીનગર, તા.૨૭

માવસેવા એ જ પ્રભુસેવાનું ઉદાહરણ ગાંધીનગરના ભટ્ટ પરિવારે પુરું પાડયું છે. ગાંધીનગર નિવાસી સ્વ. અનેરી મૃગેશ ભટ્ટનું અવસાન થતા તેઓના કુટુંબીજનોએ સ્વર્ગસ્થના ચક્ષુઓનું દાન કર્યુ છે. આ સેવા કાર્યમાં તબીબી સેવા ડૉ. પ્રિયંકા, ડૉ. વ્યોગીના તેમજ કાર્યકર રાજુ વાઘેલા, શુભમ શાહે સ્વર્ગસ્થના ચક્ષુઓ લેવા માટે સેવા પુરી પાડી હતી. સ્વર્ગસ્થના ચક્ષુઓને અમદાવાદ ચક્ષુ બેંક ખાતે પહોંચાડવામાં આવ્યા હતા. જેમાં હિતેષ વાઘેલા તથા ઘનશ્યામ ઠાકોરે ભગીરથ કાર્ય કર્યુ હતું.


ઈ-ટેન્ડરીંગ જાહેર નિવિદા (બીજો પ્રયત્ન)
વર્ષ-૨૦૨૧-૨૨
ગાંધીનગર મહાનગરપાલિકા
બહુમાળી ભવન, બી-બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે નીચે દર્શાવેલ ટેન્ડર મુજબના કામે પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલ ઈ-ટેન્ડરોમાં ભાવો મંગાવવામાં આવે છે.

| ટેન્ડર નંબર | કામનું નામ | ટેન્ડર ફી | ઈ.એમ.ડી. |
|---|---|---|---|
| ૨૪/૨૦૨૦-૨૧ | Construction of SPS with Electrical & Mechanical Work including O & M for 2 years in FP-491 of TP-410 for GMC Ara. | રૂ. ૬,૦૦૦/- | રૂ. ૪,૮૩,૯૯૧/- |

ટેન્ડર ફોર્મ તા. ૨૭/૧૦/૨૦૨૧ થી તા. ૩/૧૧/૨૦૨૧ સુધી સમય ૧૭:૦૦ કલાક સુધી ઓન લાઈન વેબસાઈટ www.nprocure.com પરથી ડાઉનલોડ કરી ઓનલાઈન ભરી શકાશે.

ટેન્ડર બીડના જરૂરી આધાર માટેના તમામ ડોક્યુમેન્ટ ઓનલાઈન ઈલેક્ટ્રોનીક ફોર્મેટમાં સ્કેન કરી મોકલવાના રહેશે. ટેકનીકલ બીડ અને ટેન્ડર ફી ની રકમ તથા ઈ.એમ.ડી.ના ડીમાન્ડ ડ્રાફ્ટ નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રીના નામે તા. ૮/૧૧/૨૦૨૧ થી તા. ૧૫/૧૧/૨૦૨૧ સમય ૧૭:૦૦ કલાક સુધીમાં કચેરીએ રજીસ્ટર પોસ્ટથી મોકલવાના રહેશે તે પ્રમાણે જે ઓફરો મળે હશે તે જ ખોલવામાં આવશે.

ઓનલાઈન ઓપનીંગ તા. ૧૬/૧૧/૨૦૨૧ કરવામાં આવશે.

સહી/-
મ્યુનિસિપલ કમિશનર
ગાંધીનગર

માહિતી/૧૩૬૮/૨૧-૨૨




શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ અને બરોડા ગુજરાત ગ્રામીણ બેંકના સંયુક્ત ઉપક્રમે આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી નિમિત્તે નિબંધ સ્પર્ધા યોજાઈ હતી. જેનો વિષય સત્ય નિષ્ઠાથી આત્મ નિર્ભરતા હતો. બેંકના બ્રાન્ચ મેનેજર પ્રદીપ સોલંકીએ સ્પર્ધાનું આયોજન કર્યુ હતુ. આ સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય, તૃતીય નંબરે આવનારને રોકડ પુરસ્કાર આપ્યા હતા.

### આજીવન કેદની સજા ભોગવતો

# આરોપી પેરોલ જમ્પ કરી ફરાર થઈ જતા એલસીબી પોલીસે પકડી પાડ્યો

ગાંધીનગર, તા.૨૭

અમદાવાદ મેઘાણીનગર પોલીસ મથક વિસ્તારમાં ડબલ મર્ડર ગુનામાં અમદાવાદની જેલમાં આજીવન કેદની સજા ભોગવતો કેદી વચગાળાનો જામીન મેળવી ફરી પોછો જેલમાં ધકેલી દેવામાં આવ્યો છે.

રાજયના પોલીસ મહાનિર્દેશક દ્વારા રાજયમાં ગંભીર ગુના આચરી વચગાળા જામીન નાસતા ફરતા અને જેલમાંથી ભાગી છુટેલા કેદીઓને પકડી પાડવા માટે ખાસ આયોજન કરાયું હતુ. જેમાં અધિકારીઓને ખાસ સુચના આપવામાં આવી રહી છે. અમદાવાદ મધ્યસ્થ જેલમાં ડબલ મર્ડર કેસ ની આજીવન સજા ભોગવી રહેલો કેદી ગોવિંદ છગનભાઈ રાઠોડ (રહે. ભાટ ગામ) ગતતા.૧૨ ના રોજ વચગાળાના જામીન મેળવીને છેલમાંથી બહાર આવ્યો હતો. જે જામીન મુદત પૂર્ણ થઈ ગઈ હોવા છતા જેલમાં પરત નહી ફરીને નાસતો ફરતો હતો. ત્યારે ગોવિંદ રાઠોડના ઘર પર વોચ ગોઠવી દેવામાં આવી હતી. એ દરમિયાન ગોવિંદ રાઠોડ ઘરે આવતા જ પોલીસે તેને દબોચી લીધો હતો અને આજીવન કેદની સજા માટે જેલમાં મોકલી આપ્યો હતો.


## निलामी सूचना

भारतीय खान ब्यूरो (खान मंत्रालय, भारत सरकार), चौथा माला, सी-विंग, ब्लॉक-2, कर्मयोगी भवन, सैक्टर10ए, गांधीनगर (079-29750358) में अनुपयोगी विभिन्न सामाग्री "जैसा है जहां है" के आधार पर नीलामी द्वारा निस्तारण किया जाना है जैसे कि, कीबोर्ड, माऊस, अखबार रद्दी आदि व पुराने फोटोकॉपियर/प्रिंटर/वॉटर कूलर इत्यादि। निस्तारण किया जाने वाला समान मौके पर देखकर इच्छुक खरीददार दिनांक 01.11.2021 अपरान्ह 3 बजे तक सीलबंद कोटेशन उपरोक्त दिये गए पते पर जमा करावें।

उप खान नियंत्रक



ઇ-ટેન્ડરીંગ જાહેર નિવિદા
વર્ષ – ૨૦૨૧-૨૨
ગાંધીનગર મહાનગરપાલિકા
બહુમાળી ભવન, બી બ્લોક, પ્રથમ માળ, સેક્ટર - ૧૧, ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે નીચે દર્શાવેલ ટેન્ડર મુજબના કામે પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલ ઇ-ટેન્ડરોમાં ભાવો મંગાવવામાં આવે છે.

| ટેન્ડર નંબર | કામનું નામ | ટેન્ડર ફી. | ઈ.એમ.ડી. |
|---|---|---|---|
| ૩૩/૨૦૨૧-૨૨ | Providing and Laying Water Supply & Sewerage Network in Koteshwar Gamtal of GMC area | રૂ. ૬,૦૦૦/- | રૂ. ૩,૦૬,૯૯૪/- |
| ૩૪/૨૦૨૧-૨૨ | Providing and Laying Water Supply & Sewerage Network in Sughad Gamtal of GMC area | રૂ. ૬,૦૦૦/- | રૂ. ૪,૦૫,૦૩૫/- |
| ૩૫/૨૦૨૧-૨૨ | Providing and Laying Water Supply & Sewerage Network in Bhat Gamtal of GMC area | રૂ. ૧૨,૦૦૦/- | રૂ. ૯,૬૫,૫૫૩/- |
| ૩૬/૨૦૨૧-૨૨ | Providing and Laying MS/DI Clear Water trunkmain from CWPH at various WDS at different locations in GMC Area. | રૂ. ૧૮,૦૦૦/- | રૂ. ૩૧,૩૧,૭૦૮/- |

ટેન્ડર ફોર્મ તા. ૨૮/૧૦/૨૦૨૧ થી તા.૧૮/૧૧/૨૦૨૧ સુધી સમય ૧૭:૦૦ કલાક સુધી ઓન લાઇન વેબ સાઇટ-www.nprocure.comપરથી ડાઉનલોડ કરી ઓનલાઇન ભરી શકાશે.

ટેન્ડર બીડના જરૂરી આધાર માટેના તમામ ડોક્યુમેન્ટ ઓનલાઇન ઇલેક્ટ્રોનીક ફોર્મેટમાં સ્કેન કરી મોકલવાના રહેશે. ટેક્નિકલ બીડ અને ટેન્ડર ફી ની રકમ તથા ઇ.એમ.ડીના ડીમાન્ડ ડ્રાફ્ટ નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીના નામે તા.૧૯/૧૧/૨૦૨૧ થી ૨૬/૧૧/૨૦૨૧ સમય ૧૭:૦૦ કલાક સુધીમાં કચેરીએ રજીસ્ટર પોસ્ટથી મોકલવાના રહેશે તે પ્રમાણે જે ઓફરો મળેલ હશે તે જ ખોલવામાં આવશે.

ઓન લાઇન ઓપનીંગ તા.૨૯/૧૧/૨૦૨૧ કરવામાં આવશે.

સહિ/-
મ્યુનિસિપલ કમિશ્નર
ગાંધીનગર

માહિતી/૧૩૭૬/૨૧-૨૨